અપીલ અરજી નં.૧૫૧ તા.૨–૮–૧૦/૧૧

અરજદાર:– શ્રી જગદીશભાઈ ડાહયાભાઈ પટેલ

સામાવાળા:– ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જગદીશભાઈ ડાહયાભાઈ પટેલની તા.૩૦–૬–૧૦ની અરજીથી ટેના નં.૧૯સી–૦૧–૧૪૬૧–૦–૦૦૧,રે.સ. નં.૧૨૭/૧ પારસીવાડ સિંગણપોર કયા દસ્તાવેજ પુરાવાને આધારે નગીનભાઈ ડાહયાભાઈ પટેલનું નામ ફેર થયેલ છે. તેની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૫૧/૨૦૧૦–૧૧

શ્રી જગદીશભાઈ ડાહયાભાઈ પટેલની તા.૩૦–૬–૧૦ ની અરજીથી ટેના નં.૧૯સી–૦૧–૧૪૬૧–૦–૦૦૧ રે.સ. નં.૧૨૭/૧ પારસીવાડ સિંગણપોર કયા દસ્તાવેજ પુરાવાને આધારે નગીનભાઈ ડાહયાભાઈ પટેલનું નામ ફેર થયેલ છે. તેની નકલ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭૬ તા.૭–૮–૧૦ થી ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી તરફથી તા.૩૦–૭–૧૦ ના પત્રથી નારાજગી હોવાનું જણાવેલ છે પરંતુ કઈ બાબતે નારાજગી છે તે તથા કયા જાહેર માહિતી અધિકારી પક્ષકાર છે તે મૂળ માંગેલ માહિતિના અનુસંધાનમાં વિગત જણાવેલ ન હોઈ તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પત્રની નકલ પણ મોકલેલ ન હોઈ તે મોકલવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૨૪૨ તા.૧૩–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારે સને ૨૦૦૭–૦૮ ની ટેક્ષ ભર્યાની રસીદ અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૨૫૨ તા.૩૧–૭–૧૦ ના પત્રની નકલ, પ્રોપર્ટી ટેક્ષ એસેસમેન્ટ કલેકશન સીસ્ટમની કોમ્પ્યુટર પર ટેનામેન્ટ હિસ્ટરીની નકલ અ ત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૩૦–૬–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૨૫૨ તા.૩૧–૭–૧૦ થી " અત્રેના કતારગામઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં તમોએ માંગેલી માહિતી અંગેના પુરાવા મળી શકયા ન હોય જે મળ્યેથી તમોને જણાવવામાં આવશે. " તેવું જણાવેલ.જેના સંદર્ભે અરજદારે તા.૨–૮–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ /૫૭૬ તા.૭–૮–૧૦ થી પત્ર પાઠવી અપીલ અરજીમાં નારાજગી હોવાનું જણાવેલ છે પરંતુ કઈ બાબતે નારાજગી છે તે તથા કયા જાહેર માહિતી અધિકારી પક્ષકાર છે તે મૂળ માંગેલ માહિતીના અનુસંધાનમાં વિગત જણાવેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પત્રની નકલ પણ મોકલેલ નથી તે બાબતે પત્ર પાઠવી તક આપવા છતાં અરજદારે પોતાની નારાજગી બાબતેનું કારણ અને અન્ય પૂરક વિગતો પૂરી પાડેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી જગદીશભાઈ ડાહયાભાઈના નામની ડેટા એન્ટ્રી થયેલ તેનું કોમ્પ્યુટર ફોર્મની નકલ પૂરક વિગતોમાં પૂરી પાડેલ છે. જે જોતાં જગદીશભાઈ ડાહયાભાઈનું નામ સને ૨૦૦૭–૦૮ ના વર્ષમાં નોંધાયેલ છે. પરંતુ તે અંગેના તુમાર થયેલ ન હોવાથી કોઈ પુરાવાઓ મળી શકેલ નથી તેવું પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૨૪૨ તા.૧૩–૮–૧૦ ની પૂરક માહિતીમાં જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ સ્ક્રોલ નં.૪૦૦/૬૪૩ ઓગષ્ટ–૨૦૦૭ માં કતારગામઝોન માં ભરેલ ટેક્ષની રસીદ ટેના નં.૧૯સી–૦૧–૧૪૬૧ –૦–૦૦૧ રજૂ કરેલ છે જેમાં નગીનભાઈ ડાહયાભાઈનું નામ દાખલ થયેલ દર્શાવેલ છે. આમ કોમ્પ્યુટર રેકર્ડ ઉપર સને ૨૦૦૭–૦૮ માં નગીનભાઈ ડાહયાભાઈનું નામ રેકર્ડ ઉપર હોવાનું જણાય છે પરંતુ તેમના નામ ટ્રાન્સફર અંગેના તુમારની વિગતો જાહેર માહિતી અધિકારી કક્ષાએ કોઈ તુમાર થયેલ ન હોવાથી અરજદારને આપી શકેલ નથી તેવું જણાવી અરજદારે માંગેલા પુરાવા મળી શકે ન હોય જે મળ્યેથી તેઓને જણાવવામાં આવશે.તેવું જણાવેલ.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક માહિતીમાં નામફેર અંગે કોમ્પ્યુટર સીસ્ટમના પ્રિન્ટ આઉટની નકલ મોકલ ેલ છે જે અનુસાર તા.૩૧–૮–૦૭ ના રોજ કર્મચારી નં.૧૨૩૧૮ ધ્વારા શ્રી નગીનભાઈ ડાહયાભાઈના નામનો ફેરફાર કર્યાનો જણાય છે. પૂરક માહિતીના પત્રમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે આ અંગે કોઈ તુમાર થયેલ નથી સામાન્ય રીતે નામફેરના કિસ્સામાં નામફેરની અરજી અને તેને આધારે આનુષાંગિક કાર્યવાહી હોય જે નિયમથી મુકરર કરવામાં આવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તુમાર થયેલ ન હોવાનું જણાવી આવા કોઈ કાગળો નહીં હોવાનું જણાવેલ છે. જે કોમ્પ્યુટરમાં ૧૨૩૧૮ કર્મચારી નંબર ધ્વારા કર્મચારી શ્રી ડી જી. પટેલે કરેલ ફેરફાર સાથે વિરોધાભાસ દર્શાવે છે. કર્મ નં.૧૨૩૧૮ ધ્વારા આ કોમ્પ્યુટર એન્ટ્રી શાના આધારે કરી તેનો સંદર્ભ દફતરે હોવો આવશયક છે અને તેની વિગત અરજદારને પૂરી પાડવી રહે. જો તેવી કોઈ જ વિગતો ન હોય તો તે પ્રમાણેની હકીકતથી અરજદારને અવગત પણ કરવાના રહે. સાથે આ અંગેના સંલગ્ન રેકર્ડ આકારણી રજીસ્ટરની દફતરી તપાસણી ધ્વારા અરજદારને દફતરી હકીકતની ખાત્રી કરવા જણાવી શકાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩૦–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે કર્મ નં.૧૨૩૧૮ ધ્વારા કોમ્પ્યુટર પ્રોગ્રામમાં ફેરફાર જે આધારે કરેલ હોય તે કાગળોની નકલો દિન–૭ માં વિના મૂલ્યે પૂરીપાડવા અને તે ન હોય તો તે પ્રમાણેની હકીકતથી અરજદારને અવગત કરવા અને તેની જાણ અત્રે કરવા તથા જાહેર માહિતી અધિકારીના દાવાનુસાર આ પ્રમાણેના કાગળો નહીં હોવા અંગે અરજદારને બાબત હેઠળની મિલ્કતના આકારણીને લગતા દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધકારી(નોર્થઝોન) .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી જગદીશભાઈ ડાહયાભાઈ પટેલ,